# ૨૦૨૨ સુધી દરેક પરિવાર પાસે પોતાનું ઘર હશે : મોદી

## પ્રધાનમંત્રી સડક યોજના દ્વારા દેશના દરેક ગામને રસ્તાથી જોડાશે : ૫૮૬ કરોડની અસ્ટોલ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહુર્ત : સિદ્ધિઓનો ઉલ્લેખ

અમદાવાદ,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે એક દિવસના પ્રવાસે ગુજરાત પહોંચ્યા હતા. વલસાડમાં એક જનસભાને સંબોધતા મોદીએ પોતાની સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, હાલમાં દેશમાં એક એવી સરકાર છે જે સંકલ્પની સાથે સાથે ચોક્કસ સમયગાળામાં કામ કરી રહી છે. મોદીએ પોતાના ભાષણમાં સ્વર્ગસ્થ પૂર્વ વડાપ્રધાન વાજપેયીને પણ યાદ કર્યા હતા. મોદીએ વાજપેયીના નામ ઉપર બનનાર માર્ગ યોજનાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, દેશના દરેક ગામને માર્ગો સાથે જોડવામાં આવશે. બીજી બાજુ એક લાખથી વધુ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસો અર્પણ કરીને બહેનોને રક્ષાબંધનની ભેટ આપવાનો અનુભવ થઈ રહ્યો હોવાની વાત પણ કરી હતી. માતા અને બહેનોને ઘરની ભેંટ મળી રહી છે તે તેનાથી મોટી ભેંટ કોઈને પણ મળી શકે તેમ નથી. ૨૦૨૨ સુધી દરેક પરિવારની પાસે પોતાનું ઘર રહેશે તેવી જાહેરાત તેમણે કરી હતી.

એક લાખથી વધુ ઘરોના ગૃહપ્રવેશના વિડિયો કોન્ફરન્સથી મોદી સામેલ થયા હતા. આવનાર બે વર્ષમાં દરેકના ઘરમાં વિજળી પહોંચશે. આવાસ યોજનામાં કોઈપણ ગેરરીતિને ચલાવી લેવાશે નહીં. પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વલસાડ જિલ્લાના જુજવા ગામે યોજાયેલા બહુવિધ ઉપયોગી લોકલક્ષી કાર્યક્રમના સ્થાળેથી ગુજરાતના ૨૬ જિલ્લાઓમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૧૭૨૭ કરોડના ખર્ચે બાંધવામાં આવેલા મકાનોના ૧,૧૫,૫૫૧ લાભાર્થીઓને ઈ ગૃહ પ્રવેશ કરાવ્યોજ હતો. તેમણે અત્યંત આનંદ સાથે જણાવ્યું હતું કે, બહેનો મારે માટે મોટી રાખડી લઈને આવી છે. રક્ષાબંધનનું પર્વ સાવ નીકટ છે, ત્યારે એક લાખથી વધુ પરિવારોની બહેનોને રક્ષાબંધનની વીરપસલી આપી હોય એવો સુખદ ભાવ હું અનુભવી રહયો છું. દેશની બહેનો અને માતાઓના આશીર્વાદથી મને રક્ષા કવચ મળ્યું છે તેવો ભાવ તેમણે વ્યકત કર્યો હતો. પ્રધાનમંત્રીએ જુજવાના કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાઓના ૧૭૪ ગામો અને ૧૦૨૮ ફળિયાઓને આકરા ઉનાળા સહિત આખુ વર્ષ પીવાનું ચોખ્ખુ પાણી પુરૂ પાડવા માટેની અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું. મધુબન જળાશય આધારીત આ જુથ પાણી પુરવઠા યોજના ૫૮૬ કરોડના ખર્ચે સાકાર કરવામાં આવશે. તેમણે મુખ્યંમંત્રી ગ્રામોદય યોજના, અને દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ કૌશલ યોજના હેઠળ લાભાર્થીઓને રોજગારલક્ષી તાલીમના પ્રમાણપત્રો અને રોજગારીના આદેશો એનાયત કર્યા હતા. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વન અને પર્યાવરણ મંત્ર ગણપતસિંહ વસાવા, સામાજિક, ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમારરાજય આરોગ્યણમંત્રી કિશોરભાઈ કાનાણી, રાજય આદિજાતિ વિકાસમંત્રી રમણલાલ પાટકર, રાજય ગ્રામવિકાસ મંત્રી બચુભાઈ ખાબડ સહિત રાજય મંત્રીમંડળના સદસ્યઓ, સાંસદઓ, ધારાસભ્યો અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

વિરાટ જનમેદનીએ પ્રધાનમંત્રીને ઉમળકાભેર હર્ષનાદોથી વધાવ્યા હતા. આ પ્રસંગે એસસી/એસટી એકટને મૂળ સ્થિાતિમાં પુનઃસ્થાપિત કરવા માટે અને ઓબીસી આયોગને બંધારણિય દરજ્જો આપવા માટે આભારની લાગણી વ્યકતએ કરવાની સાથે સંબંધિત સમાજોના આગેવાનોએ પ્રધાનમંત્રીનું ભાવસભર અભિવાદન કર્યું હતું.



## મેઘરજના અદાપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ વાવેલ વૃક્ષોનું વીજકર્મીઓએ નિકંદન કાઢ્યુ

મેઘરજ, તા. ૨૩

પર્યાવરણ બચાવો અંતર્ગત રાજ્ય સરકાર સમાજમાં જાગૃતિ ફેલાવવા, વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવોના સૂત્રો સાંભળ્યા હશે અને દીવાલો પર ચિતરેલા પણ જોયા હશે, પરંતુ વૃક્ષનો ઉછેર કરવાને બદલે વૃક્ષ કાપવું એ કોઈની લાગણી દુભાવવાના બનાવથી ગ્રામજનોમાં રોષ વ્યાપ્યો છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના અદાપુર ગામની પ્રાથમિક શાળાના પરિસરમાં વીજપોલ પરથી પસાર થતા વીજ તાર સાથે વૃક્ષની ડાળીઓ સ્પર્શ થતી હોય જે બાબતે શાળાના આચાર્યબેને મેઘરજ વિદ્યુત બોર્ડ કચેરીએ એક વર્ષ પૂર્વે અરજી કરેલ છતાં તે સમય દરમીયાન ડાળીઓને દૂર ના કરતા ચાલુ વર્ષે ચોમાસામાં વીજ તારને લઈ કોઈ અસ્માત ન સર્જાઈ તે માટે શાળાના આચાર્યબેને દસ દિવસ અગાઉ બીજી વાર લેખિત અરજી કરેલ. તે સંદર્ભે અરજીને ધ્યાને લઈ વીજ કર્મીઓ તો આવ્યા, પરંતુ વીજ તાર સાથે સ્પર્શ થતી ડાળીઓ દૂર કરવાના બદલે વૃક્ષોને થડમાંથી જ કાપી નાખતા ૭ વર્ષની વિદ્યાર્થીઓ અને શિક્ષકોની મહેનત પર ફેરવી દેતા વૃક્ષ કાપનાર વીજ કર્મીઓએ પર્યાવરણ સાથે ચેડા કર્યાના આક્ષેપો થઈ રહ્યા છે. એક નહીં, બે નહીં પરંતુ ૨૦ જેટલા આમળાના ઝાડને નામશેષ કરતા શાળા પરિવાર અને સ્થાનિકો રોષે ભરાયા છે. સાત વર્ષ પૂર્વેથી આ પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ આમળાના છોડ વાવ્યા હતા. માવજત કરી ઉછેર્યા હતા. પરન્તુ વીજકર્મીઓએ આમળાના વૃક્ષનું નિકંદન કાઢી નાખી હલકી હલકટાઈ કરી વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોના સૂત્રની એસીતેસી કરનાર સામેં શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં લાગણી પ્રર્વતી છે. જે વિદ્યાર્થીએ જે છોડ વાવ્યો હતો એ છોડ પર વિદ્યાર્થીનું અંગ્રેજી મૂળાક્ષરનું નામ પણ દ્રશ્યમાન થાય છે, શાળાના આચાર્યએ વીજ કર્મીઓની આવી ભૂલના આરોપસર પગલાં ભરવા અને થયેલ નુકશાનની રકમ ભરપાઈ કરવામાં શાળાના શિક્ષકો અને ગ્રામજનોની માંગ ઉઠી છે. ત્યારે વીજ વિભાગના ઉચ્ચ અધિકારી પર્યાવરણ સાથે ચેડાં કરવા અને વૃક્ષ કાપવાના ગુનામાં કેવા પગલાં ભરે તેવું ઈચ્છી રહ્યા છે.





## પાલનપુર નગરપાલિકાના ટી.પી. કમિટીના ચેરમેને વિધિવત ચાર્જ સંભાળ્યો

જિલ્લા મથક પાલનપુરમાં ભાજપ શાસિત પાલિકામાં અઢી વર્ષ માટે જુદી જુદી કમિટીઓના ચેરમેનની નિમણુંક કરવામાં હતી તેમજ કારોબારી બાંધકસકામ અને પાણી પુરવઠાના ચેરમનોએ વિધિવત ચાર્જ લીધા બાદ આજે પાલનપુર નગરપાલિકાની ટીપી કમિટીના ચેરમેન કુસુમબેન રાવલે પણ વિધિવત ચાર્જ લીધો હતો. આગાઉ પણ કુસુમબેન રાવલના ટીપી કમિટી ચેરમેન તરીકે ફરજ બજાવી ચુક્યા છે. ભાજપે તેમના કુશળ નેતૃત્વ અને અનુભવને ધ્યાનમાં રાખીને ફરી પાલીકાની મહત્વની ટાઉન પ્લાનિંગ જવાબદારી સોંપી છે ત્યારે પાલિકાના પ્રમુખ અશોકભાઈ ઠાકોર, સહિત નગરસવકો અને કર્મચારીઓએ નવનિયુક્ત ટીપીના ચેરમેન કુસુમબેન રાવલ પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

## મોડાસા સહકારી જીનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

મોડાસા, તા. ૨૩

આજરોજ મોડાસા સહકારી જિન મિલ લી.ની વાર્ષિક સાધારણ સભા જીનના ચેરમેન રમણભાઈ પટેલના પ્રમુખપદે યોજાઈ હતી. આ નિમિત્તે જીનમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગેમાર્કેટયાર્ડના ચેરમેન શામળભાઈ, સા.કાં.બેક.ના ડીરેકટર પંકજભાઈ, તાલુકા સંઘના ચેરમેન અરૂણભાઈ તથા માજી ચેરમેન ચંદુભાઈ પટેલ, સહકારી જીનના ડીરેકટરો, સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સભા સંચાલન મેનેજર રમેશભાઈ પટેલે કર્યું હતું.

## વડાપ્રધાન મોદીની સાથે સાથે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સુરત એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને મુખ્ય સચિવ ડૉ. જેએન સિંઘ દ્વારા સ્વાગત કરાયું
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એક હજાર ઉપરાંત બહેનો કળશ અને આદિવાસી અસ્મિખતાને ઊજાગર કરતી વિવિધ નૃત્યનમંડળીઓ દ્વારા પ્રવેશદ્વારે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું



- જુજવા વલસાડ ખાતે વડાપ્રધાનએ પ્રધાનમંત્રી આવાસ યોજના અને અસ્ટોલ પાણી પુરવઠા યોજના થ્રીડી મોડેલ પ્રદર્શનને નિહાળ્યું
- લાખોની જનમેદની વચ્ચે વંદે માતરમ, ભારત માતાકી જય, મોદી મોદીના નારા સાથે સભામંડપ ગુંજી ઊઠયો
- ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપવા બદલ વડાપ્રધાનનું ઓબીસી સમાજના આગેવાનો દ્વારા સ્વાગત
- એસટી, એસસીના હિતમાં બંધારણમાં સુધારો કરી, કાયદાને મુળ સ્થિતિમાં લાવવા બદલ વડાપ્રધાનનું ભવ્ય અભિવાદન
- વડાપ્રધાનના હસ્તે રાજયના ૨૬ જિલ્લાના ૧,૧૫,૫૫૧ લાભાર્થીઓને ઈ-ગૃહપ્રવેશ કરાવાયો



- વડાપ્રધાનના હસ્તે ધરમપુર અને કપરાડા તાલુકાને આવરી લેતી ૧૭૪ ગામોની અસ્ટોલ પાણી પુરવઠા યોજનાનો ઈ-શિલાન્યોસ
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજયના ૨૬ જિલ્લાના પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે ઈ-માધ્યડમ વડે સીધો સંવાદ કર્યો
- વડાપ્રધાનના ભાષણ દરમિયાન ઉપસ્થિત લાખોની જનમેદનીએ મોદી તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હે ના નારા સાથે સભામંડપ ગજવ્યો
- વડાપ્રધાનના હસ્તે પ્રધાનમંત્રી કૌશલ્ય્ યોજનાના તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને નિમણૂકપત્ર વિતરણ કરાયા
- મુખ્યમંત્રી ગ્રામોદય યોજના હેઠળ પ્રમાણપત્રો અને નિમણૂકપત્રો એનાયત કરાયા
- વડાપ્રધાનના હસ્તે ગ્રામ વિકાસ એજન્સીની લાઈવલી હુડ દ્વારા ગ્રામ્ય સખીસંઘને સાત લાખનો ચેક અર્પણ કરાયો
- સખીમંડળને પાંચ લાખનો ચેક અર્પણ કરાયો.


### કંપની સમાચાર

### મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સ સૌથી વધુ વફાદાર ગ્રાહક મૂળ સાથે ઉદ્યોગમાં આગેવાન

ભારતમાં અગ્રણી જીવન વીમા કંપનીમાંથી એક મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે કાંતાર આઈએમઆરબી દ્વારા હાથ ધરવામાં આવેલા ગ્રાહક વફાદારી પરના સ્વતંત્ર સર્વેક્ષણમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. આ સર્વેક્ષણમાં એવું બહાર આવ્યું છે કે ૭૭ ટકા ગ્રાહકો કંપનીને વફાદાર છે. મેક્સ લાઈફ આ વર્ષે સર્વેમાં જેમનું પગેરું મેળવવામાં આવ્યું તે એલઆઈસી સહિતની ૧૩ અગ્રણી જીવન વીમા કંપનીઓમાં ગયા વર્ષના ૬ઠ્ઠા સ્થાન પરથી અવ્વલ સ્થાને આવી છે. સર્વે માટેના ડેટા ૨૦૧૮ના પ્રથમ ત્રિમાસિકમાં જમા કરવામાં આવ્યા હતા. ૧૫ શહેરમાં ૭૦૦૦ ગ્રાહકોને તેમાં આવરી લેવાયા હતા. ઈન્શ્યુરન્સ ઈન્ડિયા સ્વતંત્ર ગ્રાહક વફાદારી સર્વે છે, જે કાંતાર આઈએમઆરબી દ્વારા ૨૦૧૨થી વાર્ષિક હાથ ધરવામાં આવે ચે અને હાલમાં તેની ૭મી આવૃત્તિ છે. જીવન વીમા અવકાશમાં ગ્રાહકોની વફાદારીનું માપન કરવા માટે તે સૌથી વિશ્વસનીય, કોઈ પણ પૂર્વગ્રહ વિનાનું અને વિશ્વસનીય સર્વેક્ષણમાંથી એક માનવામાં આવે છે.

આ સિદ્ધિ વિશે બોલતાં મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સના સિનિયર ડાયરેક્ટર અને ચીફ ઓપરેશન્સ ઓફિસર વી. વિશ્વાનંદે જણાવ્યું હતું કે દેખીતી રીતે જ અમારે માટે આ ગૌરવશાળી અવસર છે. સ્વતંત્ર સર્વે તરફથી આ સન્માન ગ્રાહક અનુભવની વાત આવે ત્યારે નવી ઊંચાઈએ લઈ જવાની અમારી કટિબદ્ધતાને તે વધુ મજબૂત બનાવો છે. ગ્રાહકલક્ષીતા મેક્સ લાઈફના મૂલ્યોના હાર્દમાં છે અને અમે જે પણ કરીએ તેમાં ગ્રાહકોને પ્રથમ રાખવા માટે સતત પ્રયત્નશીલ રહગીએ છીએ. અમારો દાવા ચુકવણીનો રેશિયો ૯૮.૨૬ ટકા છે અને ફરિયાદ ઘટના દર નાણાકીય વર્ષ ૨૦૧૮માં ૧૦,૦૦૦ પોલિસી દીઠ ૯૩ હતો, જે નાણાકીય વર્ષ ૨૦૧૭માં ૧૦,૦૦૦ પોલિસી દીઠ ૧૭૨ પરથી નીચે આવ્યો છે, જે આ દિશામાં અમારી કટિબદ્ધતાનો પુરાવો છે.


## તલોદના મોહનપુર પાસે અકસ્માતમાં ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મૃત્યુ

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મોહનપુર પંથકમાં ગત રવિવારે થયેલા વાહન અકસ્માતમાં ભારે ઈજાઓનો ભોગ બનેલા ૨ પૈકીના ૧ યુવાનનું આજે સારવાર દરમ્યાન સિવિલ હોસ્પિટલ-અમદાવાદના બિછાને કરૂણ મોત નિપજ્યુ હતુ. જ્યારે બાઈકચાલક ઈજાગ્રસ્ત યુવાન દાક્તરી સારવાર મેળવી રહ્યો છે. બાઈકને જીપ ડાલુ વાહને રોંગ સાઈડે આવીને જોરદાર ટક્કર મારતાં આ જીવલેણ અકસ્માત સર્જાયો હતો.

તલોદ તાલુકાના રણાસણથી વરવાડા તરફ જતાં રોડ માર્ગ ઉપરના મોહનપુર પંથકમાં રવિવાર તા. ૧૯-૮-૧૮ની સાંજે ચાર વાગ્યાના સુમારે થયેલા આ અકસ્માતની વિગત એવી છે કે વરવાડા ગામના રાજેન્દ્રસિંહ નટવરસિંહ ઝાલા તથા જયદિપસિંહ સહદેવસિંહ ઝાલા કોઈ કામ અર્થે બાઈક ઉપર રણાસણ જવા નીકળ્યા હતા. તેમનું બાઈક મોહનપુર પંથકમાંથી દોડી રહ્યુ હતુ ત્યારે સામેથી રોંગસાઈડે આવેલ મનાતા જીપડાલુ વાહન નં. જીજે.૯.કેયુ.૨૪૬૪ના ચાલકની બેદરકારીના કારણે ડાલુની જોરદાર ટક્કર રાજેન્દ્રસિંહના બાઈકને લાગતા જ બાઈક ૫૦ ફૂટ જેટલું ઘસડાયુ હતુ અને બાઈકસવાર બંને યુવાનો પટકાઈ પડતા ભારે ઈજાનો ભોગ બન્યા હતા. જેઓને તત્કાળ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી. જ્યાં જયદિપસિંહ સહદેવસિંહ ઝાલા (ઉ.વ.આ. ૨૧)નું આજે સિવિલના બિછાને જ મોત નિપજ્યુ હતુ. ફેક્ચર સહિતની ઈજાઓનો ભોગ બનેલા રાજેન્દ્રસિંહ દાક્તરી સારવાર મેળવી રહ્યા છે. અકસ્માતે મોતના આ ગુનાની તપાસ હે. કોન્સ. મેહુલભાઈ પરસોત્તમભાઈ ચલાવી રહ્યા છે.

## મહેસાણા જિલ્લાના નંદાસણમાં પ્રધાનમંત્રીના હસ્તે આવાસ યોજના અંતર્ગત ઈ-ગૃહપ્રવેશ અપાયો

મહેસાણા, તા. ૨૩

ભારતના પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના કોલોની નામ રાખવામાં આવેલ છે. આ કોલોનીમાં લાભાર્થીઓને



નરેન્દ્રભાઈ મોદી દ્વારા વલસાડથી નંદાસણ ગામે ઓનલાઈન ઈ ગૃહપ્રવેશ કરાવ્યો હતો. પ્રધાનમંત્રીએ નંદાસણ ગામે પ્રધાનમંત્રી આશીયાના કોલોનીમાં ઈ-ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. રાજયમાં પ્રધાનમંત્રી આવાસા યોજના ગ્રામીણ અંતર્ગત રૂ.૧૭૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૧,૧૫,૫૫૧ આવાસોમાં દેશના પ્રધાનમંત્રીએ સામુહિક ઈ-ગૃહપ્રવેશ કરાવ્યો હતો. જે અંતર્ગત મહેસાણા જિલ્લામાં રૂ.૩૭.૧૭ કરોડના ખર્ચે ૨૪૮૭ લાભાર્થીઓને તૈયાર થયેલ આવાસ યોજનાનો સીધો લાભ અપાયો હતો. જે તમામ લાભાર્થીઓને સામુહિક ઈ-ગૃહપ્રવેશ આપ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં આજ દિન સુધીમાં ૨૪૮૭ આવાસો પુર્ણ થયા છે. કડી તાલુકાના નંદાસણ ગામે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સામુહિક કોલોની બનાવવામાં આવી છે. સ્થાનિક લોકો દ્વારા પ્રધાનમંત્રી આશીયાના આનુંષંગિક સગવડો જેવી કે પેવરબ્લોક, ગટરલાઈન, પાણીની પાઈપલાઈન, પાણીનો સંપ, સ્ટ્રીટલાઈટ વગેરે મળી રહે તે માટે રૂ.૧૭,૩૪,૮૮૦નો ખર્ચ કરવામાં આવેલ છે.

જિલ્લામાં ઓનલાઈન કાર્યક્રમમાં આશીયાના કોલોનીના લાભાર્થી મહિલા રહેમતબેન ઈદ્રીશભાઈ ફકીરે વિડીયો કોન્ફરન્સ માધ્યમથી જીવંત સંવાદ કર્યો હતો તેમણે આવાસ યોજનાનો લાભ મળ્યા બાદ સંતોષ વ્યક્ત કર્યો હતો.

જિલ્લાના નંદાસણ ગામે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વલસાડથી ઓનલાઈન ઈ-ગૃહપ્રવેશ કરાયો હતો. ૨૦હજાર ચોરસ મીટર વિસ્તારમાં ૪૨ લાભાર્થીઓને સીધો લાભ આપવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત લાભાર્થીને આવાસા બાંધકામ, મજુરી અને મનરેગા યોજના મળી કુલ રૂ.૧,૪૯,૪૬૦ની સહાય અપાઈ છે. આ કોલોનીમાં વીજ જોડાણ, ઉજાલા બલ્બ, ગેસ જોડાણ સહિતની વિવિધ પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવી છે.

### સૂચનો મોકલો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ૧લી ઓગષ્ટથી સ્વચ્છતા સર્વેક્ષણ (ગ્રામીણ)-૨૦૧૮ શરૂ થયુ છે. જે ૩૧મી ઓગષ્ટ સુધી ચાલનાર છે. જિલ્લાના સાત ગામોમાં કેન્દ્રના ૨૧ જેટલા અધિકારીઓ આવી સર્વેક્ષણ કરી ગયા છે હજુ પણ બીજા તબક્કામાં ટીમ આવી શકે છે તેવી સંભાવનાને ધ્યાને રાખી જિલ્લા વિકાસ અધિકારીએ આજે શાખાધિકારીઓની બેઠક લીધી હતી. આ બેઠકમાં સ્વચ્છતા એપ ગ્રામીણ વિસ્તારના લોકોના ફોનમાં ડાઉનલોડ કરાવવા ઉપરાંત આ એપ પર જ સૂચનો અને વિગતો મુકવામાં આવે તેવી સ્પષ્ટ સૂચનાઓ પણ આપવામાં આવી હતી. જિલ્લાના અધિકારીઓને આ કામગીરી આગામી સપ્તાહમાં ગ્રામીણ વિસ્તારના સઘન પ્રવાસો કરી અને પૂર્ણ કરવા જણાવાયું છે.

### મોટો પડકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. મોદીએ કહ્યું હતું કે, ફોરેન્સિક સાયન્સ, પોલીસ અને ન્યાયતંત્ર ત્રણેય ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમના ભાગ તરીકે છે. દેશમાં ત્રણેય અંગ જેટલા મજબૂત થશે ત્યાંના નાગરિકો તેટલા જ સુરક્ષિત થશે. ક્રિમિનલ ગતિવિધિઓ પણ આના કારણે નિયંત્રિત થાય છે. મોદીએ ૩૧ ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા હતા. વડાપ્રધાન મોદીના આગમન પહેલા ગાંધીનગરમાં વરસાદ પણ થયો હતો.

### ચાર્જ સંભાળ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને કંપની બાબતોના મંત્રાલયની જવાબદારી અરૂણ જેટલીને સોંપી દેવાનો આદેશ જારી કર્યો છે. જેટલી એવા સમય પર ફરી વાપસી કરી રહ્યા છે જ્યારે ડોલરની સરખામણીમાં રૂપિયાની હાલત કફોડી બનેલી છે. ત્રણ મહિના સુધી જેટલી કામથી દૂર રહ્યા હતા. આજે કારોબાર સંભાળી લીધા બાદ નોર્થ બ્લોકના સેક્રેટરીઓ સાથે અરુણ જેટલીએ બેઠક યોજી હતી. આજે સવારે ૧૧ વાગે અરુણ જેટલીએ પોતાનો હવાલો સંભાળી લીધો હતો. પીયુષ ગોયલ હાલમાં રખેવાળ નાણામંત્રી તરીકે હતા. પીયુષ ગોયેલ હવે રેલવે અને કોલસા મંત્રી તરીકે જારી રહેશે. કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી ઉપર ૧૪ મી મેના દિવસે એમ્સમાં કિડની ટ્રાન્સપ્લાન્ટની સફળ સર્જરી કરવામાં આવી હતી. ત્યારબાદથી જેટલી ત્રણ મહિનાથી આરામ પર હતા. તે પહેલા જેટલીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૪મી મેના દિવસે સવારે ૮ વાગે ઓપરેશન શરૂ થયું હતું. કિડની સાથે સંબંધિત સમસ્યાથી પરેશાન અરુણ જેટલી છેલ્લા એક મહિનાથી ડાયાલીસીસ પર ચાલી રહ્યા હતા. જેટલી પરિવારના મિત્ર અને એમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાના ભાઈ નેફ્રોલોજિસ્ટ ડોક્ટર સંદીપ ગુલેરિયા પણ ટ્રાન્સપ્લાન્ટ કરનાર તબીબ ટીમમાં સામેલ રહ્યા હતા. અરૂણ જેટલી નાણાંકીય મામલામાં ખુબ નિષ્ણાંત તરીકે રહ્યા છે. તેમના પગલાની સતત નોંધ લેવામાં આવી છે. નાણામંત્રીને ચોથી જૂનના દિવસે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા ત્યારબાદ ઓપરેશન પછીની રિકવરીને લઈને આરામ કરી રહ્યા હતા. તબીબો દ્વારા લાદવામાં આવેલી કઠોર શરતો હેઠળ તેમના સત્તાવાર નિવાસસ્થાન ઉપર રિકવરી મેળવી રહ્યા હતા. તેઓ કોઈને પણ મળી રહ્યા ન હતા. પરિવારના સભ્યો અને તબીબો સાથે જ વાતચીત કરી રહ્યા હતા. જેટલી આજે વિધિવતરીતે પોતાની જવાબદારી સંભાળતા નજરે પડ્યા હતા. ફાઈનાન્સ સેક્રેટરી હસમુખ અઢિયા, આર્થિક બાબતોના સેક્રેટરી સુભાષ ગર્ગ ત્યારબાદ ચીફ ઈકોનોમિક એડવાઈઝર અરવિંદ સુબ્રમણ્યમ સાથે વિડિયો કોન્ફરન્સિંગ મારફતે વાત કરી હતી.

### શક્યતા નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્ય દેખાઈ રહી નથી. મુખ્ય ચૂંટણી કમિશનરે થોડાક દિવસ પહેલા જ કહ્યુ હતું કે, જો તબક્કાવારરીતે યોજવામાં આવે તો કેટલાક રાજ્યોમાં ચૂંટણી સામાન્ય ચૂંટણીની સાથે શક્ય બની શકે છે. ચૂંટણી પંચે કહ્યુ હતું કે, દેશમાં પ્રથમ ચાર ચૂંટણી એક સાથે થઈ હતી. જો કાયદામાં સુધારો કરવામાં આવે, મશીનો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય અને સુરક્ષા જરૂરિયાતો પુરતા પ્રમાણમાં રહે તો એક સાથે ચૂંટણી શક્ય બની શકે છે. આ સંદર્ભમાં ચૂંટણી કમિશનરે કહ્યુ હતું કે, રાજ્ય વિધાનસભા જો સહમત થાય તો એક સાથે ચૂંટણી શક્ય બની શકે છે. એવી ચર્ચા ચાલી રહી હતી કે, કેન્દ્ર સરકાર આગામી લોકસભાની ચૂંટણીની સાથે ૧૦થી ૧૧ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પણ સાથે કરાવવાના પ્રયાસમાં છે. મુખ્ય ચૂંટણી કમિશનર ઓપી રાવતે અગાઉ કહ્યુ હતું કે, એક સાથે ચૂંટણીને લઈને ચૂંટણી પંચે ૨૦૧૫માં જ વ્યાપક સૂચનો કર્યા હતા. ચૂંટણી પંચે કહ્યુ હતું કે, આના માટે બંધારણ અને લોકપ્રતિનિધિત્વ ધારા કાયદામાં કયા કયા સુધારા કરવા પડશે. પુરતા પ્રમાણમાં વોટિંગ મશીન અને સુરક્ષા જવાનોની જરૂર પણ રહેશે. દેશમાં પ્રથમ ચાર ચૂંટણી રાજ્યોની સાથે જ થઈ હતી. ૧૯૬૭ સુધી એક સાથે ચૂંટણી યોજવાની પરંપરા હતા.

કેટલીક રાજ્ય વિધાનસભાઓને પણ આ દિશામાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવું પડશે. જો આ રાજ્ય વિધાનસભાઓને નિર્ધારિત સમય કરતા પહેલા ભંગ કરવામાં આવે તો એક સાથે ચૂંટણી માટેનુ ચિત્ર ઉભું થઈ શકે છે. ચૂંટણી પંચ દ્વારા આ દિશામાં સૌથી વધુ પહેલ કરવામાં આવી શકે છે. બીજી બાજુ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર કહી ચુક્યા છે કે, આ વખતે લોકસભાની ચૂંટણીમાં આ બાબત શક્ય દેખાઈ રહી નથી પરંતુ વન નેશન વન ઈલેક્શનને લઈને વિચારણા ખુબ સારી છે.